# નેશનલ વિકલ્પ સંગમ-કચ્છ
# કચ્છ ડીકલેરેશન

વિકલ્પ સંગમ એ લોક સમુદાયો દ્વારા વિકસીત એવા ઉપાયો કે આયામો કે જેમાં પર્યાવરણ, લોકતાંત્રિક મૂલ્યો,, સમાનતા, સ્વતંત્રતા, સામાજિક અને આધ્યાત્મિક સદ્દભાવ, શિક્ષણ જેવા મૂલ્યોને કેન્દ્રમાં રાખીને પોતાની સુખાકારી માટે સર્જનાત્મક વિકલ્પોની ખોજ કરી હોય એવા વિકલ્પોનું સંગમ છે. વર્ષ ૨૦૧૪ થી વિકલ્પ સંગમ સતત આવા વિકલ્પોની ખોજ કરી રહયુ છે, અત્યાર સુધી દેશના ૨૦૦૦ જેટલા દ્રષ્ટાંતોનું દસ્તાવેજીકરણ થયુ છે. દર વરસે વિકલ્પ સંગમ અલગ અલગ ભૌગોલિક પર્યાવરણીય ક્ષેત્રોમાં યોજાય છે, આ સંગમની ઘટનાને ૧૦ વરસ પુર્ણ થતા, કચ્છમાં ખમીર સંસ્થા ખાતે કચ્છની ૧૨ સ્વૈચ્છિક સંસ્થાઓની યજમાનીમાં નેશનલ વિકલ્પ સંગમ યોજાઇ રહયો છે, તે નિમિત્તે કચ્છની યજમાન સ્વૈચ્છિક સંસ્થાઓ કચ્છ સંગમ તરીકે એક સાથે મળીને સંકલન અને સંવાદિતતા સાધીને કચ્છના મહત્વના વિષયો પર પોતાના કાર્યોને વધુ મજબુત કરવા અને વિસ્તરીત કરવા પ્રતિધ્ધ છે, અને સાથે સાથે નીચે મુજનુ ઘોષણાપત્ર તૈયાર કરી તેનો સ્વીકાર કરી, તેને જાહેર જનતા સમક્ષ પ્રસિધ્ધ કરવામાં આવે છે, તેમજ તેના વ્યાવહારીક અમલ માટે સરકારશ્રીને પણ રજુ કરવામાં આવે છે.

કચ્છની સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને પોતાનું નેટવર્ક રચીને મુખ્યત્વે કચ્છના પર્યાવરણ આધારીત વ્યવસાયો જેવા કે ખેતી, પશુપાલન, માટી કળા, ચર્મકળા, હસ્તકળા, માછીમારી, અગરીયા, મકાન બાંધકામની ટેકનોલોજી અને કળા, કચ્છના સાંપ્રત મુદ્દાઓ જેવા કે મહિલા સશકિતરણ, શિક્ષણ, આરોગ્ય, શહેરીકરણ અને શહેરના પડકારો તેમજ વિકાસની સંભાવનાઓ, વિગેરે મુદ્દાઓ પર સાથે મળીને કામ કરશે. આ સંસ્થાઓ સાથે મળીને સરકારો સાથે સંકલન સાધશે, સમુદાયોનું ક્ષમતા વર્ધન કરશે, સમુદાયોમાં રહેલ કુશરળતાઓ ક્ષમતાઓને બહાર લાવવા જરૂરી કાર્યો કરશે.

કચ્છ સ્વયં એક વિકલ્પોનું સંગમ છે, કચ્છમાં ખમીર, કસબ, શ્રૃજન દ્વારા કારીગરી અને હસ્તકળાને પુનઃજિવિત કરવાના પ્રયાસોને વધુ તેજ બનાવાશે, સહજીવન દ્વારા માલધારી સમુદાયના સામાજિક સંગઠનોનું સશિકતરણ, બકરીના દુધની બજાર વ્યવસ્થા, પશુ ઓલાદોની માન્યતા, જૈવિક વૈવિધ્યતાનું સંરક્ષણ પર કામ કરશે. મહીલા સશિકતકરણ ક્ષેત્રે કચ્છ મહીલા વિકાસ સંગઠન, પંચાયત ગર્વનન્સ ક્ષેત્રે સેતુ અભિયાન કાર્યો કરશે, કલા-સંસ્કૃતિ, ક્રાફટ અને પરંપરાગત કુશળતાના અને પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી અને તેના વિકાસ ક્ષેત્રે શ્રૃજન, એલ.એલ.ડી.સી કાર્ય કરશે, બાંધકામ ટેકનોલોજી, બાંધકામના કારીગરોની કુશળતાનું ક્ષમતા વર્ધન અને તાલીમ તેમજ સ્થાનિક પર્યાવરણને અનુકુળ આવાસ બાંધકામ ક્ષેત્રે આઇના, આબથ અને હુન્નરશાળા કામ કરશે, શહેરોમાં સુઆયોજિત વિકાસ ક્ષેત્રે હોમ્સ ઇન ધ સીટી (એચ.આઇ.સી.) કામ કરશે, કચ્છ એ સતત જળ સંકટનો સામનો કરતો ક્ષેત્ર છે, તેથી જળ સંચય, સંરક્ષણ અને વિકેન્દ્રીત પાણીની વ્યવસ્થા અને વર્ગનન્સ ક્ષેત્રે એકટ સંસ્થા જવાબદારી ઉપાડી છે, પ્રાકૃતિક ખેતી અને કૃષિ પેદાશના સ્થાનીક બજાર માટે સાત્વિક સંસ્થા કાર્ય કરશે. કુનરીયા ગામની બાલિકા પંચાયત પંચાયત ગર્વન્નસ ક્ષેત્રે બાળકોને અને કિશોરોને સામેલ કરવાનો સમગ્ર દેશમાં એક જવલંત ઉદાહરણ છે, જેથી અન્ય ગામોમાં બાલિકા પંચાયતના જેવા ઉદાહરણો વિકસીત કરતા સેતુ અભિયાન ટીમ કામ કરશે.

સરકાર સાથે સંવાદ, જોડાણ અને નિતિ વિષયક હિમાયત, લોકોની આકાંક્ષો, અપેક્ષાઓ અને જરૂરીયાતો અનુસાર સરકારી નિતિઓ બને, આવી નિતિઓના અમલમાં લોકોની ભાગીદારી, પંચાયત સાશન વ્યવસ્થાનું અસરકાકર અમલ વિગેરે માટે આ સ્વયંસેવી સંસ્થાઓ એકસુત્રતા સાધીને સાથે મળીને સહકાર અને નેટવર્કીંગના અભિગમથી કામ કરશે.